## આયુર્વેદની પ્રસ્તાવના –

**“ अमन्त्रम् अक्षरो नास्ति, नास्ति मूलं अनौषधम् |**
**अयोग्य: पुरुषो नास्ति, योजकस्तत्र दुर्लभ: ||**

આયુર્વેદ એ આપણી પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ છે, જે એક જીવનનું વિજ્ઞાન છે. જેના દ્વારા આયુ - જીવનનું જ્ઞાન મળે છે જેથી તેને આયુર્વેદ કહેવાય છે. હજારો વર્ષ પૂર્વે આપણા ઋષિ મુનીઓ દ્વારા અનેક પ્રકારના તે સમયમાં ઉપલબ્ધ પરીક્ષણો દ્વારા આ મહાન આયુર્વેદની રચના કરવામાં આવી હતી. જે શાશ્વત અને અનાદિ છે.

એક માન્યતા મુજબ વર્ષો પૂર્વે જ્યારે પૃથ્વી પર અનેક પ્રાણઘાતક રોગોની ઉત્પત્તિ થઇ તે સમયે તે રોગોના નિવારણ અર્થે દક્ષ પ્રજાપતિ દ્વારા આયુર્વેદનું પૃથ્વી પર અવતરણ થયું અને વિવિધ આચાર્યો મહર્ષિચરક, મહર્ષિસુશ્રુત વગેરે દ્વારા અલગ અલગ ગ્રંથોની રચના કરવામાં આવી.

આયુર્વેદ એ એક સંપૂર્ણ ચિકિત્સા – જીવન શાસ્ત્ર છે. જેમાં શરીર/માનવદેહમાં ઉત્પન્ન થતા તમામ રોગાવાસ્થાની સારવાર અને સ્વાસ્થ્ય અવસ્થાને લાંબા સમય સુધી ટકાવી રાખવાનું જણાવેલ છે.